# કાવ્ય-કોડિયાં

શેષનાં કાવ્યો

3/7 3/7

# શેષનાં ચૂટેલા કાવ્યો

સંપાદક : જયન્ત પાઠક ( પાના નં: ૨ થી ૯૧ )

## શેષ (રામનારાયણ વિશ્વનાથ પાઠક)

**જન્મ :** ૮ એપ્રિલ, ૧૮૮૭

**જન્મસ્થાન :** ગાણોલ (તા. ધોળકા)

**અવસાન :** ૨૧ ઓગસ્ટ, ૧૯૫૫

**કાવ્યસંગ્રહો :**

શેષનાં કાવ્યો (૧૯૩૮)

વિશેષ કાવ્યો (૧૯૫૯)

# અનુક્રમણિકા

સખિ ! જો ........ 4

પ્રભુ ! જીવન દે ........ 6

ઉદધિને ........ 9

ડુંગરાની કોરે ........ 10

એક સન્ધ્યા ........ 12

નવવરવધૂ ........ 20

મંગલ ત્રિકોણ ........ 23

છેલ્લું દર્શન ........ 27

ઓચિન્તી ઊર્મિ ........ 28

ખિન્ન સખાને ........ 30

એક કારમી કહાણી ........ 32

રાણકદેવી ........ 37

વૈશાખનો બપોર ........ 41

સેન્ટ્રલ સ્ટેશને ........ 47

માંદગીને ........ 51

વિવેચક મિત્રને ........ 53

કવિવર રવીન્દ્રને ........ 55

આતમરામને ........ 57

મનવા ........ 59

પરથમ પ્રણામ મારા ........ 60

સિન્ધુનું આમંત્રણ........ 62

ઉસ્તાદને !........ 65

ના ગમે........ 71

બુદ્ધનું નિર્વાણ........ 73

તુકારામનું સ્વર્ગારોહણ........ 78

સાલ મુબારક........ 85

વેલી ને વૃક્ષ........ 89

મુશ્કેલ છે (૧)........ 91

## સખિ ! જો

[ વિયોગિની ]

સખિ ! જો ઉદધિ તણે ઉરે
નભથી કૌમુદી કેવી નીતરે !
દધિ એ ઊછળી પળે પળે
છબી ધારે ઉરને દલે દલે !
ઊઘડે જવ ફુલ્લ પૂર્ણિમા
કરી કલ્લોલ ઊંચા ગિરિ સમા
દધિ ધૂર્જિટિ જેમ નર્તતો,
ઉર એ કૌમુદીને સમર્પતો !
જગમાં પણ કોઈને કદી
ન મળે એકલી શુભ્ર કૌમુદી;
અજવાળું પીધેલ ભાજને
ભરી અંધારું પીવાનું છે જને !
પણ કૌમુદી લુપ્ત થૈ જતાં,
ઘન અંધાર ઉરેય વ્યાપતાં;
દધિને ગત પર્વ સાંભર્યે,

ભરતી પાછી અમાસની ચડે !
સખિ ! એમ કદી કદી મને
મુજ આ કૌમુદી-અસ્ત જીવને
ઉર આવતી ઊર્મિ ઊછળી,
બનતી સાર્થક તું ભણી ઢળી !

## પ્રભુ ! જીવન દે

પ્રભુ, જીવન દે, હજી જીવન દે !
વિપદો નિતનિત્ય નવીન નડે,
ડગલું ભરતાં કુહરે જ પડે,
કંઈગુપ્ત ભયો મહીંથી ઊઘડે,
વનકંટકથી તન રક્ત ઝરે,
પણ તોય ન અશ્રુ કદાપિ ખરે
દ્રગ, એ પડીને ફરીથી ઊપડે
પગ, એટલું હે પ્રભુ જીવન દે !
પ્રભુ, બંધનમાં જકડાઈ ગયો,
મુજ દેહ બધો અકડાઈ ગયો.
અવ ચેતન દે,
નવચેતન દે!
સહુ એક જ ઘાથી હું તોડી દઉં,
તલ ગાઢ અહંત્વનું ફોડી દઉં,
તુજ વારિ વિશાલ મહીંથી ઊડે,
લઘુ પામરતા બંધી માંહી બૂડે,

જલ એ ઊભરી અભર્યું જ ભરે,
પ્રભુ, એ જલમાં ઝીલવાનું જ દે !
પછી દર્દુર દીર્ઘ રવે જ ભલે,
દિનરાત ડરાઉં ડરાઉં કરે,
પણ નિર્ભય મુક્ત અસીમ જલે
ઝીલતાં જનશું મળવાનું જ દે;
પ્રભુ, ચેતન દે, નવચેતન દે.
યદિ એ નવ દે,-

પણ જીવનઓટ ન ખાળી શકું
મુજ જીવનખોટ ન વાળી શકું,
હળવે મુજ જીવનહ્રાસ થતો
જગ ટાળી શકું
નહિ, એવું ન દે ! પ્રભુ એ કરતાં,
મુજ આયુષશેષય સંહરતાં,
ઘડી યૌવન જીરણ અંગ તું દે,-

પ્રભુ, જિંદગી પુણ્ય વિના ગઈ છે,
પણ ક્યાં તુજ એ કરૂણા ગઈ છે ?-

બીજું ના કંઈ તો બસ આટલું દે,
જગપાપ શું કૈં લડવાનું જ દે,
લડી પાર અને પડવાનું જ દે,
હસી મૃત્યુમુખે ધસવાનું જ દે,
ધસી મૃત્યુમુખે હસવાનું જ દે,
જીવવા નહિ તો
મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું દે !
ઘડીયે બસ એટલું યૌવન દે;
પ્રભુ યૌવન દે, નવયૌવન દે !

*

## ઉદધિને

મને ઉદધિ ! માન છે – પૃથિવી આખી વીંટી વળી
અગાધ, ગરજ્યા કરે તું અવિરામ કો ઘોષણ !
ઉરે પ્રગટિયા પ્રચંડ અનલો કઈ ઢાંકીને
સદા ઉપર તો અનંત લહરી સ્મિતોની ધરે !
વસ્યાં તુજ નિવાસથી કંઈ ઊંચે શું એ ગર્વથી
કદી તું પર આક્રમે જગતનાં બીજાં ભૂત તો,
બધી ખળભળાવી નાંખી દુનિયાં મહાગર્જને
ગિરિગિરિ સમા તરંગ ઉપરે તરંગો તણાં
ભયંકર ઉછાળી લશ્કર, ટકી નિજ સ્થાન રહે !
મને સુબહુ માન એનું ! પણ સ્નિગ્ધ આશ્ચર્ય કે
- સદા વિહસતો મહાન શશિ સૂર્ય ને તારલા –
અતિ હલકી નાની સૌકુમાર્ય થકી સ્પર્શરેખા ઉરે !

*

## ડુંગરાની કોરે

અહીં ડુંગરની કોરે, સાંધ્ય છાયા ઢળ્યા સમે,

સામે નીચે અને દૂર દૃષ્ટિ ફેરવતાં બધે,

આઘે જતાં થતી પ્હોળી, કરાલ મુખ ફાડતી
પડેલી ખીણ ગહ્ન, દેખું દુર્ભેદ્ય દૃષ્ટિને.
ને કરાડે ખીણ કેરી, ઊભું આ વૃક્ષ તોછડું :

જેમ કો માનવી દીન ભૂતકાલ તણા ઘન
સંબંધો નષ્ટ થૈં જાતાં, એક પાસ રહ્યાસહ્યા
સંબંધોના જ આધારે, ખીણ કરાલ કાલની
ઉપરે અધ્ધર રહી જીવે સંદિગ્ધ જીવન,
અટૂલો ને અનાથાશ્રય;

તેમ આ વૃક્ષયે આંહી, અધ્ધર ને ઝઝૂમતું,
કૈં આધાર વિના નીચે, માત્ર એક જ બાજુનાં
મૂળોથી ભોંયને બાઝી, પડ્યા વાંકે ઊભું રહ્યું !
ને સામે દૂર દેખું તો અનેક ડુંગરા દીસે,
યુગો પ્હેલા થયેલા કો આસ્માની વજ્રપતથી

કે અંત:ક્ષોભ ઊંડાથી, પૂર્વકાલીન સૃષ્ટિનો
મહાવિધ્વંસ નીરખી, ડૂબેલા ઘનશોકમાં!

--થીજેલા દુ:ખશૈત્યથી !

કો એક હાથ લંબાવી માથું તે તર્ફ ઢાળીને
બેઠેલા, કોઈ બે હાથ લમણે દઇને શિર
હાથને ટેકવી બેઠા, લંબાવી એક પાય કો,
કો બન્ને પાય એમ, સ્તબ્ધ શોકાસને સ્થિર !
ને જાણે તેમના સ્થૂલ અને ગાઢ નિરંતર
નિ:શ્વાસો નાંખવાથી વાતાવરણયે બન્યું
ઝાંખું ઘન અને કાળું દૃષ્ટિને અવરોધતું.
ઘટે સરિતનાં નીર, સૂર્યચન્દ્રે ઘસાય છે,
ઘસાતા ડુંગરા પોતે, ન તોયે શોક મર્મભિદ્
ઘટે કે થાય કૈં આછો, ને જાણે ઘટશેય ના !

**એક સન્ધ્યા**

સન્ધ્યા હતી, અસ્ત રવિ ગયો'તો
ને ઘેર જાવાનું હતું અમારે
આ ઊતરી શાન્ત નદી સુનીરા.
અંધારું એકાન્ત રચી રહ્યું'તું
છતાં હતી દર્શન પૂરતી ધુતિ,
ને પ્રીતિ ધુતિ વિણ ક્યાં ન દેખતી જે !
'સામાન્ય આરો તજી' મેં કહ્યું: 'સખી
આજે જિંયે ઉપરવાસ ઊતરી.'
'પાણી હશે ઝાઝું ઊંડું ખરું ત્યાં ?
તેનું કંઈ નં, પણ.' બેઉ ચાલ્યાં.
એકાંત ત્યાં એ નદીને કિનારે
સંકોરિયાં વસ્ત્ર, અને સખીએ
નજીક આવી મુજ હાથ ઝાલ્યો

ચાલ્યાં અમે પાણી ભણી ધીમેથી.
જરા પછી સ્પર્શ થતાં જ પાણીનો,
દશે દિશા સ્તબ્ધ થઈ રહેલાં
આકાશનાં તારક વૃક્ષ તીરનાં
ધ્રૂજી રહ્યાં, ઘૂમરીઓ ઘૂમી રહ્યાં
પાણીપટેર, એક તણાં અનેક થૈ !
ને મારુંયે બાલ્યનું જાગ્યું ચેતન !
-ન પ્રેમમાં સ્નાન શું બાલ્યનું યે ?-
પછાડીને પાય ઉડાડ્યું પાણી.
થઈ રહ્યો ધુંમટ શીકરોનો !
‘ ના ‘ ના કહી , હાથથી હાથ દાબી
જરા જ કીધી મુજ પેર દ્રષ્ટિ,
અંધારામાં ધુતિ જેની થકી બાલ્ય શમી ગયું.
ગંભીરતાથી કહ્યું : પાણી ઊંડે
જતાં ન છાંટા ઊડશે હવે કૈં !’

પાણી પછી ઘૂંટણપૂર આવ્યે
સંકેલી સાડી સખીએ : કહ્યું મેં
'મારે ખભે મૂક.' 'ખભે તમારે ?'
'હં આ ! હુંય ઘડીક કાં ન બનું અર્ધનારીશ્વર !'
ને અર્ધનારીશ્વર થૈ હું ચાલ્યો.
ચાલ્યાં ધીમે; ગૂઢ જમીન કેરા
કુતૂહલે, કાંઈ ભયે નદીમાં.
સન્ધ્યા હતી ગાઢ થતી જતી ને
દૂરે રહ્યા તીરની વ્યોમરેખા,
ધીમા ધીમા પાણીતણા અવાજો,
અપીડકારીય છળાવનારા
વિચિત્ર સ્પર્શો મૃદુ માછલીના,
કો સ્વપ્નમાંહી ' નુભવન્તી જાણે
જતી'તી રાખી દગ પાણીમાં તે,
ને ભાવ તેના મન સંચરન્તા

હું હાથમાં હાથથી લક્ષતો'તો-

નિહાળતો વદન સખીનું મુગ્ધ થૈ !

સહુ સુભગ દર્શનો મહીં ન અલ્પ એને ગણું :

બીજે નજર એની, એનું મુખ હું નિહાળ્યા કરું !

ચાલ્યાં અમે આગળ એમ પાણીમાં !

ન પાણી ને પ્રેમ સમું બીજું જગે!

જે સર્વત: સ્પર્શ કરે મનુષ્યને !

રમાય, પીવાય, ન્હવાય, જેમાં

બાહ્યાંતર્ ઉભયની શુદ્ધિ તાજગી !

પછી જતાં આગળ, હાથ મારો

સીત્કારની સાથ જરા દબાતાં,

હજી હું જાણું, નવ જાણું, ત્યાં તો

દીઠી સખી કંઠ સુધીય વારિમાં,

આડી ફરી, સંમુખ મારી થૈને,

બીજે કરે હાથ બીજોય ઝલતી.

કિન્તુ હસી એ ક્ષણ બીજીએ જ.
અને જરા નિર્ભયતા પ્રતીતિથી,

ને કૈંક વિશ્રમ્ભથી પ્રેમ કેરા,
જરા વળી સંનિધિના પ્રમોદે,
ફરી દઢાલિંગનના પ્રતીક શા
દબાવિયા હાથથી હાથ મારા.
દેહો હતા એક જ વારિમગ્ન,
ને જીવને એક જ કેમ જાણે,
વહી રહ્યું હાથની સોંસરું ને
અન્યોન્ય એકાગ્ર થઈ દગોમાં !
આવ્યાં હતાં કૈંક વિશેષ પાસે
ને પાણીના મન્દ અવાજ શું કહ્યું :
'સખે, વહ્યું જાય અનન્ત વારિ,

અને મહીં આપણ બેઉ એકલાં !'
ન જાણું કે એ સખી દોરતી'તી
કે ચાલતો હું જ ચલાવતો'તો,
કે પાણીનો વેગ લઇ જતો'તો,
જતાં હતાં આગળ એમ ચાલ્યાં !
ઊંડાણ પાણીનું પૂરું થતાં ત્યાં,
ઓચિંતી એ સંમુખ મારી ઊઠી
વીનસ ડ મીલો સમ ઊર્ધ્વ પાણીમાં
ને એક તેજનો અર્ધ્ય સન્ધ્યાયે અર્પતી રહી.
તારા અને દૂરની ટેકરી શો;
હું સ્તબ્ધ એ દર્શનથી થઈ રહ્યો,
ઝાલી રહ્યો હાથથી બેઉ હાથ
છોડાવવા એક જતી સખીના.
કિન્તુ હલાવી મુજને જગાડી

જરા બળે છોડવી એક હાથ
બીજાથી એ દોરતી એક હાથ,

ચાલી. ઘડીમાં તટ ન આવી ઊભાં !

ન જાણું ક્યારે મુજ હાથ છોડ્યો,
ક્યારે હુંથી એ અળગી થઈ ઊભી !
મેં માત્ર ત્યાં જોઈ નદીકિનારે

કો શિલ્પીની અદ્-ભુત પૂતળી સમી !
તેના નદીદર્શન નૈક આજનાં

એક ક્ષણે મૂર્ત હું નીરખી રહ્યો !
જેવી સુધા વ્હેંચણીકાળ મોહિની
દેખી સુરો અસુરો મુગ્ધ થૈ રહ્યા,
તેવી બધી ગૂઢ અગૂઢ વૃત્તિઓ

ઉન્મત્ત ને મૂર્છિત મારી થૈ રહ્યા,

વરતી હસી મન્દ સખી. કહ્યું મેં :

‘ સદા સખી મોહક અંગ તારાં,

ને હું તો કવચિત જ મુગ્ધ્ય થાઉં છું !’

‘આપો હવે દઈ દો, મારો સાળુ, ન આવશો નિકટ.’
ખભેથી લૈ ઉકેલી મેં, ઓઢાડ્યો ત્યાં સરિત્તટ,
ઓઢાડે એમ આખાશ પૃથ્વીને રજનીપટ !

## નવવરવધૂ

‘શું આવો જોવાને જગમહીં ન શું દ્વંદ્વ નીરખ્યાં ?
અમેયે બીજાં શાં નવવરવધૂ દ્વંદ્વ જ બન્યાં !
નથી શું આદિથી સુખદુખતણું દ્વંદ્વ નીરખ્યું ?
ન શું રાગદ્વેષો નિજ મહીં બીજયે અનુભવ્યા ?
ન શું ખ્યાતિ નિન્દા ઉભયતણું દ્વંદ્વ જગ દીઠું ?
ન શું ટાઢું-ઊનું કડવું- મીઠું ને કાળું-ઊજળું,
અને આખે વિશ્વે ન દીઠું જડ ને ચેતનતણું ?
વ્યવસ્થાયું આ તો જગત જ વિરોધી ગુણ થકી !
અમેયે બન્ને ત્યાં હૃદય મન ને દેહ સહુમાં
વિરોધી અંશો ને ગુણતણું બન્યાં દ્વંદ્વ, શું જુઓ ?’
‘વિધાતાએ કિંતુ, અલબત, વિરોધી ગુણ થકી !
ભર્યો છે કો દિવ્ય પ્રણયરસંભાર તમમાં,
અમે એ જોવાને – ’ ‘વિતથ બધી વાતો સઘળી એ
નહિ માને કોઈ, અવ નથી જમાનો કવિતણો !
અમે તો જોડાયાં લગનથી ખરે તે જ દિનથી
હસ્યાં તો રિયાંયે, ઘડી રમી રિસાયાંય ઘડીમાં,

મનાઈને પાછાં લડી પણ પડ્યાં, રીઝી ખીજિયાં,
વખાણી અન્યોન્યે ઝડી પણ ઉપાલંભ વરસ્યાં !
કહો જી આમાં ક્યાં પ્રણયરસનો સંભવ રહ્યો ?'
'તમે એ ના જાણો, અવવરવધૂ મુગ્ધ હજી છો!
ઈ તો જેવી કો બે સરિત જુદી જુદી દિશ થકી
વહી આવીને કો સ્થલ શુચિ મહીં સંગમ કરે,
તહીં પહેલાં તો એ જુદી જુદી દિશાનાં વહનનાં
જલો ભેગાં થાતાં, પ્રબલતમ આઘાત કરતાં,
કહીં સામસામાં ફરી ઘૂમરીમાં પાત્ર ખણતાં,
કહીં સામસામાં અથદાઈ મહાઘોષ કરતાં
ઊડાડે ફીણો ને કહીં વળી મહામોજ રચતાં,
કહીં વેગે દોડી પરસપર કાંઠાય ઘસતાં,
પરંતુ અંતે તો,
અભેદ નિજનો કરી, ગહન ને વિશાળાં બની
વહે વણ-વિરોધ-ઘર્ષણ અનન્ય ઉદ્દેશથી,
કરે તટની ભૂમિને રસસમૃદ્ધ ને ખીલતી,
કલારસમ લીલી ને ઊજળી મહેક મહેકાં થતી
અનેકવિધ વિસ્તરંત વ્યવહાર જ્યાં લોકતા !

તમેયે એ રીતે-‘ ‘અલમતિ હિ વિસ્તારથી અલમ !
અધૂરે મૂકેલી લડઈ હજી બાકી લડવી છે,
અધૂરી મૂકેલ રમત હજી બાકી રમવી છે !
વહેતાં જાતાં જે પ્રબલ નદ ઘોડાપૂર મહીં
કહો ક્યાંથી થોભે, તટનું તમ વ્યાખ્યાત સુણવા ?’

*

## મંગલ ત્રિકોણ

મારા સુણી ઓળખીને ટકોરા
દ્વારો ઉઘાડ્યાં ક્ષણમાં સખીએ,
થોડાં થયાં માસ બની'તી માતા
વાત્સલ્યથી જે નમણી વિશેષ !
'કહો સખી! કાંઈ નવીન ?' કહેતાં
હસી : 'હજી તો હમણાંવ ગયા'તા,
નવીન તે હોય શું એટલામાં ?'
ત્યાં ખંડમાં, અધ્ધર બેઉ પાય
અફાળવાના થડકાથી કંપતો,
અર્ધો હસ્યાનો, અર્ધો રડ્યાનો
_શું ભાખતો જિંદગીનું રહસ્ય !_
શિશુ તણો એ સ્વર સંભળાયો !
'નવીન, લ્યો આ, પૂછતા હતા તે!
રમી રમીને, તમ આવતાં જ
કેવી કરે છે ફરિયાદ લુચ્ચો !'
જવાબ એના સમ, વિશ્વકેરી

આ યોજનાને પડકારનારો,
હવે સરન્તો રુદને ત્વરાથી,

કંપી સ્વયં કંપ કરાવનારો,
અમે સુણ્યો દીર્ઘ થતો પુકાર !
'જુઓ, જુઓ ! ખૂબ રડે છ, જાઓ,

થયું હશે કૈં; ઝટ જૈ જુઓ તો !'
'થવાનું તે શું હતું ? એ થયો છે
અત્યારથી ઢોંગી તમો જ જેવો !

જોજો, ઘડીમાં રહી જાય ન્હૈ તો !'

અને ખરે એ ગઈ તેની સાથે,
સમાય બીનસ્વર જેમ બીને,

તેવો શમ્યો માતની ગોદમાં એ.

જરા પછી સ્વસ્થ થયો; સુણ્યો ત્યાં

"આમા'વજો" સાદ, જતાં નિહાળું તો,

જેવું સવારે હિમકેરું બિન્દુ

કો પુષ્પકોષે જઇને ઠરી રહે,
જેવું પીને પુષ્પમધુ પતંગ

પુષ્પે જ થૈ શાન્ત અને પડી રહે,
તેવો હતો ગોદ મહીં જ ઊંઘતો.
ધીમે રહી મૂકી જમીન કહે જે :
'બેસો, જુઓ, કેવું તમારી પેઠે
ડાબું નમાવી શિર એ સૂએ છે ?'
બેઠો હુંયે. ઉન્નત ને ભરેલા
મેઘો ચડે સામસામી દિશાથી,
ચડી, મળી મધ્યનભે, લળીને,
પૃથ્વી પરે અનરાધાર વર્ષે,
તેવાં અમે સામસામેથી ઝૂક્યાં
શિશુ પરે, ને વરષ્યાં સહસ્ત્ર
ધારો થકી અંતર કેરું હેજ.
જેવા ધરાથી થઈ પુષ્ટ મેઘ
વર્ષે ધરા ઉપર મેઘ પાછા,
તેવાં અમે તૃપ્ત થતાં જ વર્ષ્યાં
ને વર્ષીને તૃપ્ત થયાં ફરીથી !

ને ત્યાં અમો બેઉ અને શિશુનો

બની રહ્યો મંગલ એ ત્રિકોણ !

*

## છેલ્લું દર્શન

ધમાલ ન કરો, _જરાય નહિ નેન ભીનાં થશો,_
ઘડી બ ઘડી જે મળી-નયનવારિ થંભો જરા,_
કૃતાર્થ થૈ લો, ફરી નહિ મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો !
ધમાલ ન કરો, ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની,
ધરો અગરૂ દીપ ચંદન ગુલાલ ને કુંકુમ;
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો!
ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્ને કશું,
રહ્યું વિકસતું જ અંત સુધી જેહ સૌંદ્રર્ય, તે
અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજનચે કદી પૂરશે.
મળ્યાં તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જુદાં થિંયે,
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?

*

## ઓચિન્તી ઊર્મિ

અજાણી દિશથીઆવી ઓચિન્તી ઊર્મિ વાયુની
ઉંઘાડે પોથી, વાસેલી જતને, ગત આયુની.

*

સન્ધ્યા થતાં કો પટ પૃત્વીકેરો
વેરાન અંધાર મહીં વીંટાતો,
વિયુક્ત ને દાઝલ કોઈ ઉર શો
જેમાં કશું કાંઈ ન ઓળખાયે
ને ઓળખ્યાની પરવા ન કોઈ ને;
ત્યાં પ્રાચીમાં ઠેઠ છેડે _ કિનારે,
શશાંકના ચિહ્ન શું બિંબમાં જડ્યું
દેખાય કો ઝાડનું દગ્ધ ઠૂંઠું.
ને એ પટે સ્પષ્ટ પ્રદીપ્ત ચન્દ્ર શું
પ્રખાશી ઊઠે કંઈ સદા ચિત્તમાં !

*

દિનતણી નીતરેલી પ્રભા થકી,
અગર અંતરભાથકી ઊજળું;
ગગન વા ગહ્નને નિજ આત્મના
નજર નિશ્ચલથી નીરખી રહ્યું,

યાદા'વે છે તુજ મુખ સખી ! આંગળી-હોઠ-મૂક્યું !
કયે દિને, કો અથવા પ્રસંગે,
કો સ્થાન, ને દ્રશ્યની ભૂમિકા શી,

કો દ્રષ્ટિબિન્દુ,
એ કશું યાદ ના'વે _
યાદા'વે માત્રતારું મધુર મુખ સખી !
આંગળી-હોઠ મૂક્યું !

*

ઓચિન્તી વાયુ ઊર્મિથી વાસેથી પોથી ઊઘડે,
પર્ણોમાં ગૂઢ ઢંકાયું, હિમબિન્દુ ખરી પડે !

*

## ખિન્ન સખાને

ન વિશ્વમાં સાંત્વન પ્રેમના સમું
ન પ્રેમની તો કરુણૈક કહાણી !
જે ના મળે કદીય તેહ જ શોધવાનું,
દર્દો અસહ્ય ! અવધિ વિણ ઝૂરવાનું !
એવું સખે વિચારન્તાં, વિષાદે જીવ ખૂંચતાં,
ખેદથી મુક્ત થાવાને ચાલ્યો સાગરતીર હું.
તો ત્યાં સૂર્યાસ્ત થઈ ગયો’તો
ને ખિન્ન હૈયે જહ્નૂતીર બેસી ,
જોયા કર્યું : જેમ પિયુ નિહાળે
સૌભાગ્યની અંતિમ વેળ બેસી,
તેજસ્વી અંગો પર વલ્લભાનાં
મૃત્યુ તણા રંગ ઘેરા છવાતા;
હા ! તેમ મેં વ્યોમની રંગલીલા
પરે છવાતી દીઠી ઘેરી કાલિમા !
મને થયું વિશ્વમહીં શું મ્હાલવું!
હૃદે ધરી શોક સદૈવ ચાલવું !
એવો કરી નિશ્ચય ચાલવા ઊઠયો,
ને ફેરવી છેલ્લી જ એક દ્રષ્ટિ,

હવે રહી દેખવી કાલરાત્રિ
એવી ધરીને હૃદયે અપેક્ષા_
ત્યાં તો દીઠી અજબ મધુરી આભમાં બીજરેખા !
કાળાં ઘનો માંહીથી નીકળી ઝીણી
શકે દીસે દિગ્ગજદંતની અણી !
જાણે દિશા પશ્ચિમની રહી ધરી
ગોરા કરો કેરી ઉઘાડી અંજલિ !

ઝાંખું રૂપેરી વળી એહ સંપુટે,
આછા શું ઢંકાયલું કાલના પટે !
દેખાય છે ભાવિ કલાનું પિંડ
અને ઉલાસ્યું મુજ ચિત્ત ખિન્ન !
મુદા રહી કો સહુ દિશ છાવરી !
રોમાંચ એ સર્વ શરીર ઉદ્-ગમ્યો,
જ્હૂતીર ઊભેલ મર્મર રવે ફર્કન્ત તાડો સમો !
સન્ધ્યા ને બીજ બન્નેયે અંગ એક જ દ્રશ્યનાં !
અંતરો કાલનાં જૂઠાં, ભૂતનાં ને ભવિષ્યનાં !

તો તારેય સખે ! સન્ધ્યા કાજ ના' ક્રન્દવું ઘટે,
બીજથી નન્દવું એયે સન્ધ્યાને વન્દવું જ છે !

*

## એક કારમી કહાણી

વને એક ઘેર ગંભીરો આંબલો ને આંબાની ડાળી,
રમે પંખી બાળ ને બાળી.

રહે ત્યાં મીઠડું નિત્ય કલ્લોલતાં
નમણાં એકલ મેના,
નાજુક જેને પાય છે હીના !

આવ્યા ત્યાં કોક વનેથી
ઊડતા પોપટજી રઢિયાળા,
લીલે વાન કાંઠેલ કાળા !

ઊઠી એક દિન સીમાડેથી
જળતી ધૂણીના ધૂમની સેરો,
વાઈ તેની વનમાં લહેરો !

ડોલ્યો આંબો ને ડોલી ડાળ
પશુ ને પંખીઓ ડોલ્યાં !
વેલે વેલે ફૂલડાં ફૂલ્યાં !

નાચી રહ્યા મોર ને, મેના ડાળ છૂપી ઝીણું ટહુકી,
સુણી રહ્યો પોપટ ઝૂકી !

ઝીણું ઝીણું ટહુકો મેનાબાઈ તમારો કંઠ છે મીઠો,
સુણ્યો કે ક્યાંઈ ન દીઠો !
ક્યારે આવ્યા કેમ પોપટજી
બોલ તમારો શો રૂપાળો !

આવ્યો હું તો કરવા માળો.
ચાલો પોપટજી ચરીએ સાથ ને માળો કરીએ સાથે,
ગાતાં ગાતાં રૂડી ભાતે !
ના મેનાબાઈ તમે ગાઓ અમે સળીઓ ભરીશું,
સુણી ગીત થાક હરીશું !
જોયેં પોપટજી હાવાં બેસણાં કેવાં કીધલાં વારુ;

આપણ બે બેસવા સારુ.

ભૂલો છો એ શું બોલ્યાં બાઈ, મારી મેના પનોતી,
ઓલ્યે વન વાટડી જોતી.

ભૂંડો ફટફટ તું પોપટ
આટલી વારે આ શું બોલ્યો ?

વચનથી આમ શું ડૂલ્યો ?

સીમાડે દૂર ઓલ્યો જોગીની કારમી ધૂણી જાગે !

સાચું બોલ એની સાખે !

તમે આગળ હું પાછળ બાઈ ! તમે કહો તેની સાખે
બોલું કોઈ આળ ન ભાખે.
આગળ મેના ને પાછળ પોપટ
ધૂણીની પાસ જ્યાં પહોંચ્યાં,
ધુમાડાના ગોટે ગોટા !
જાણે ધરતીનું ફાડી પેટ અંધારના રાફડા ફાલ્યા !
મેનાને ઊડતાં ઝાલ્યાં !
ન કોઈએ ચીસ, ન કોઈએ શબ્દ,
ન કોઈએ હાય એ સુણી !
જરા થઈ તડતડ ધૂણી !
બેભાન ભોંયેથી જાગી પોપટજી જરી આંખ ઉઘાડે,
બળતા બે પાય જ ભાળે.
અલ્યા જોગી તું બેઠો આંહી દેખે કે કૈં દેખે ના !
બળી ગઈ મીટડી મેના !
હતો હું સાથ, હવે પ્રાશ્ચિત કે શિક્ષા શી લહું હું ?
કેવી રીતે જીવ ધરું હું ?
ભોળા પોપટ, તું ને હું ને મેનામાં કોણ દેખે છે ?

સાચી એક ધૂણી ધખે છે !

અહીં કોઈ કોઈ જીવનને જોડ જોડી જગમાં પળે છે!

એકલડું કોઈ બળે છે !

લીએ જ્યાં પ્રેમીઓ નિજને હાથ

અધીકડી દુ:ખની દીક્ષા,

કરે કોણ કોણને શિક્ષા ?

જાઓ માળે તમારે તમ પોપટજી ઓ રઢિયાળા,

હતા તમ પંથ જ ન્યારા !

ઊડ્યા ત્યાંથી પોપટજી લીલે વાન ને કાંઠલે કાળા;

છાના ધરી હૈયે જ્વાળા.

વને એક ઘેર ગંભીરો આંબલો ડાળીએ આંબાની

બની આવી કારમી કહાણી!

*

## ઉમા-મહેશ્વર

‘અરે ભોળા સ્વામી ! પ્રથમથી જ હું જાણતી હતી,
ઠગાવાના છો જી જલધિમથને વ્હેંચણી મહીં.
જુઓ ઇન્દ્રે લીધો તુરગમણિ ઉચ્ચૈ:શેઅવસ, ને
વળી લીધો ઐરાવત જગતના કૌતુક સમો;
લીધી કૃષ્ણે લક્ષ્મી, હિમસમ લીધો શંખ ધવલ,
અને છૂટો મૂક્યોઇ શશિયર સુધાનાં કિરણનો,
બધાએ ભેગા થૈ અમૃત, તમને છેતરી, પીધું
અને’ ‘ભૂલેન ! ભૂલે ! અમૃત ઉદધિનું વસત શી?
રહી જેને ભાગ્યે અનુપમ સુધા આ અધરની !’
’રહો, જાણ્યા એ તો જગ મહીં બધે છેતરઈ ને

શીખ્યા છો આવીને ઘરની ઘરૂણી એક ઠગતાં.
બીજું તો જાણે કેઠીક જ. વિષ પીધું કયમ કહો ?’
’બન્યું એ તો એવું કની સખી ! તહીં મંથન સમે,
દીઠી મેં આલિંગી જલનિઅધિસુતા કૃષ્ણતનુને
અને કાળા કંઠે સુભગ કર એવો ભજી રહ્યો,

મને મારા કંઠે મન થયું બસૂ એ રંગ ધરવા,_

મૂકીજો, આ બાહુ ઘનમહીં ન વિધુત સમ દીસે ?
તહીં વિશ્વે આખે પ્રણયઘન નિ:સીમ ઊલટ્યો;
અને એ આશ્લેષે વિષ જગતનું સાર્થક બન્યું !

*

## રાણકદેવી

આ પાસ, નેત્રદમતી, જલહીન, તપ્ત
રેતી તણો પટ વિશાલ શું ધાય ખાવા !
ને બીજી પાસ વઢવાણ પડેલ મન્દ,
વચ્ચે પ્રચંડશિર દેરૂં ઊભું અટૂલું.
ના નેત્ર આંજતી સગર્વ ઊંચાઈ ભવ્ય,
ના નેત્ર-ભૂલવતું ઝીણું વિચિત્ર શિલ્પ,
ના નેત્ર-રીઝવતી કોઈ કલા અનેરી,
સાદું તથાપિ ઊભું શીર્ષ પ્રચંડ ધારી.
ના કીર્તિલેખ લખી નામ કરે પ્રશસ્તિ,
ના સ્થાન કોઇ મમતાળુય રાજવીનું,
ના ધર્મનું, ધરમઢોંગનું, તોય લક્ષ
જાણે પ્રતાપવતી રાજસતીનું દેરૂં.
એ અદ્વિતીય તનુ સુંદરતા નથી જ
સૌરાષ્ટ્રભૂપપટરાણીની જે પ્રસિદ્ધ,
વૈધવ્યનો ન પણ શોક, પરાભવે ના,
છે માત્ર મૂર્તિ નિજ પુણ્યપ્રકોપ કેરી.
છુટ્ટા સુકેશ ધ, સ્કન્ધની બેઉ પાસ
ઉરે ઢળી વહી જતા ચરણો સુધી એ,

શું કેશવાળી ?_ પણ સિંહણને ન સોહે,
કાલિન્દી શું ?_નવ હિમાલયથી વહે બે.

આંખો વિશાલ, તજી ચંચલતા, પ્રચંડ,
છે લક્ષ્યહીન, અનિમેષ, કરાલ શ્વેત;
વન્દે નહિ શિવનું લિંગ પડ્યું સમક્ષ,
દેખે છે મૂર્તિ નિજ બાલની જે સમીપ.

પીળાં કરેણ ફૂલની ધરી માલ કંઠે
ને ચૂંદડી ધરી શી સોરઠી લોબડીની,
સૌભાગ્યનાં સકલ ચિહ્ન કરાલ દીસે
અંગાંગમાં ભભૂકતો પણ અગ્નિ ભાસે.

*

ત્યારે હતો સકલ આ રમણીય દેશ,
સ્વાતંત્ર્ય શૌર્ય નિજ સાહસથી સુહાતો.
લક્ષ્મી સરસ્વતીય બે'નપણી બનીને,
વાસો અહીં વસતી'તી ગુજરાત દેશે.
સંહારી શત્રુ, શુભ શાંતિ જમાવી લોકે,
વુસ્તારી રાજ્ય શણગારી સહસ્રલિંગે,
હૈમ પ્રદીપ પ્રગટાવી સરસ્વતીનો
સાર્થક્ય કીધું નિજ નામનું સોદ્ધરાજે.
પોષી સમાન જિન બ્રાહ્મણ બેઉ ધર્મ,

આપી ઉદાર બહુ દાન સમસ્ત દેશે,
જીતી અનેક રિપુને રણ જીતનારે,
જીત્યા ન આત્મરિપુ અંતર જે વસેલા,
આવી જઈ વિજયના મદમાં ભૂંડાએ,
હાથે કરી યશનું પાત્ર જ કાણું કીધું.
શ્રીકૃષ્ણપાવન સુરાષ્ટ્ર પરે ચડ્યો એ,
ને બાર વર્ષ ઘનઘોર ચલાવી ઘેરો,

ભેદ્યું જૂનાગઢ કંઈ બલથી છલેથી,
ને યુદ્ધમાં સુભટ યાદવસિંહ રોળ્યો.
ખેંગારની વિજયશ્રી વરિયો મનસ્વી,
ને ભોગવી ક્ષણ ક્ષણે લસતી નવીન
એ રમ્ય લક્ષ્મી ગિરનારની, તોય કીધી
ઉદ્દામ વૃત્તિ સતી શિયળ બોટવાની.
ઉઅતારી પર્વતથી એ અબળા અનાથ,
ડોલ્યાં ગિરિશિખર રાણકદેવી જાતાં !
છોડાવિયો સરસ સોરઠ ભાવભીનો,
નિ:શંક સાવજ સરિજ્જલ જ્યાં પીએ છે.
માની ન ઠેઠ સુધી, હારી નહિ, ડગી ના,
તોયે ન દીઠું સત સોરઠિયાણી કેરું;
કામાન્ધ ક્રોધવશ થૈ નૃપ સિદ્ધરાજે

નિ:શાસ્ત્ર બાલ હણી ક્ષત્રિય રીત લોપી.
તોયે ડરી ન સતી, એકલી વીરમાતે
વીરોનું મૃત્યુ મરતાં સુતને શિખાવ્યું.
હીણું કરી, ન કરી સિદ્ધ કશું, સતીની
નિષ્ઠાથી હારી, પણ ના હઠથી હઠ્યો એ.
પુણ્યપ્રકોપ પ્રગટ્યો ધરી અગ્નિરૂપ,
પ્રજ્વાલતો જગત ત્યાં સતી દેહમાંથી
સંકેલી ઉગ્રશિખ, મોર કલાપ પેઠે,
એ અગ્નિમાંહી નિજ દેહ જ ભસ્મ કેધો.

*

પાનાં અનેક ઇતિહાસ તણાં ફર્યાં છે,
સ્વાતંત્ર્ય, શૌર્ય, નથી સાહસ એ સુહાતાં :
ચેતાવવા વિજય-અન્ધ નૃપો તથાપિ,
પૃથ્વીની તર્જની શું દેરૂં હજી ઊભું છે.

---

## વૈશાખનો બપોર

વૈશાખનો ધોમ ધખ્યો જતો'તો
દહાડો હતો એ કશી કૈં રજાનો

બપોરની ઊંઘ પૂરી કરીને
પડ્યાં હતાં આળસમાં હજી જનો.
જંપ્યાં હતાં બાળક ખેલતાંયે,
ટહુકવું કોકિલ વીસર્યો'તો,
સંતાઈ ઝાડે વિહગો રહ્યાં'તાં,
ત્યારે મહોલ્લા મહીં એક શહેરના
શબ્દો પડ્યા કાન : 'સજાવવાં છે
ચાકુ સજૈયા છરી કાતરો કે ?'
ખભે લઈને પથરો સરાણનો
જતો હતો ફાટલ પ્હેરી જોડા,
માથે વીંટી ફીંડલું લાલ, મોટું
કો મારવાડી સરખો ધીમે ધીમે :
ને તેહની પાછળ છેક ટૂંકાં
ધીમાં ભરંતો ડગલાં જતો'તો
મેલી તૂટી આંગડી એક પ્હેરી

માથે ઉઘાડે પગચે ઉઘાડે,
આઠેકનો બાળક એક દૂબળો.
'બચ્ચા લખા ! ચાલ જરાક જોયેં
એકાદ કૈં જો સજવા મળે ના,
અપાવું તો તૂર્ત તને ચણા હું.'
ને એ ચણા-આશથી બાળ બોલ્યો :
'સજાવવાં કાતર ચપ્પુ કોઈને !'
એ બાળના સ્નિગ્ધ શિખાઉ કાલા

અવાજથી મેડીની બારીઓએ
ડોકાઈને જોયું કઈ જનોએ.
પરંતુ જાપાની અને વિલાયતી
અસ્ત્રા છરી કાતર રાખનારા
દેશી સરાણે શી રીતે સજાવે ?
ત્યાં કોકને કૌતુક કૈં થયું ને
પૂછ્યું : 'અલ્યા તું કહીંનો, કહે તો !'
'બાપુ ! રહું દૂર હું મારવાડે.'
દયા બીજાને થઇને કહે : 'જુઓ !
આવે જનો દૂર કહીં કહીંથી ?

જુઓ જુઓ દેશ ગરીબ કેવો !'
અને કહે કોઈ વળી ભણેલો :
'આ આપણા કારીગરો બધાએ
હવે નવી શીખવી રીત જોઈએ;
ચાલે નહિ આવી સરાણ હાવાં !'
ને ટાપશી પૂરી તહીં બીજાએ :
'નવી સરાણે જણ એક જોઈએ
પોસાય ત્યાં બે જણ તે શી રીતે ?'
'બાપુ સજાવો કંઈ' 'ભાઈ ના ના
સજાવવાનું નથી કૈં અમારે. '
અને ફરી આગળ એહ ચાલ્યો

'સજાવવાં ચપ્પુ છરી !' કહેતો;
ને તેહની પાછળ બાળ, તેના
જળે પડેલા પડઘા સમું મૃદુ
બોલ્યો : 'છરી ચપ્પુ સજાવવાં છે ?'
જોયું જનોએ ફરી ડોકું કાઢી
કિન્તુ સજાવા નવ આપ્યું કોઈએ.

થાકી વદ્યો એ પછી મારવાડી :
'બચ્ચા લખા ! ધોમ બપોર ટ્હેલ્યા
છ્તાં મળી ના પઈની મજૂરી !'
ને ફેરવી આંખ, દઈ નિસાસો
બોલ્યો : 'અરે ભાઈ ભૂખ્યા છીએ, દ્યો,
આધાર કૈં થાય જરાક પાણીનો !'
કો બારીથી ત્યાં ખસતો વદ્યો કે
'અરે ! બધો દેશ ભર્યો ગરીબનો,
કોને દિયેં ને દઈએ ન કોને ?'
કોઈ કહે : 'એ ખરી ફર્જ રાજ્યની !'
ને કો કહે : 'પ્રશ્ન બધાય કેરો
સ્વરાજ છે એક ખરો ઉપાય !'
ત્યાં એકને કૈંક દયા જ આવતાં
પત્ની કને જૈ કહ્યું : 'કાંઇ ટાઢું
પડેલું આ બે જણને જરા દો !'
'જોવા સિનેમા જવું આજ છે ને !
ખાશું શું જો આ દઈ દૌં અત્યારે,
ભૂલી ગયા છેક જ આવતાં દયા ?'

દયાતણા એહ પ્રમાણપત્રથી
બીજું કશું સૂઝ્યું ન આપવાનું !
ને ત્યાં સિનેમા સહગામી મિત્ર કહે :
'દયા બયા છે સહુ દંભ; મિથ્યા
આચાર બૂઝ વ્હિમાત્ર કલ્પિત !'
વાતો બધી કૈં સુણી કે સુણી ના,
પરંતુ એ તો સમજ્યો જરૂર,
'મજૂરી કે અન્નની આશ ખોટી !'
છતાં વધુ મન્દ થતા અવાજે
એ ચાલિયા આગળ બોલતા કે

'સજાવવાં કાતર ચપ્પુ કોઈને !'
મ્હોલ્લો તજી શ્હેર  બહાર નીકળ્યો,
છાંયે હતી મંડળી એક બેઠી ત્યાં,
મજૂર પરચૂરણ ને ભિખારીની
ઉઘાડતાં ગાંઠ અને પડીકાં,
હાલ્લાં, જરા કૈં બટકાવવાને.
બોલાવિયા આ પરદેશી બેઉને :
'અરે જરા ખાઇ પછીથી જાજો !'

હસ્યા, કરી વાત, વહેંચી ખાધું,
ને કૂતરાને બટકુંક નીર્યું.
દયા હતી ના, નહિ કોઈ શાસ્ત્ર :
હતી તહીં કેવળ માણસાઈ !

-----------------------------------------------------------------

**સેન્ટ્રલ સ્ટેશને**

ન જાણું એવું તમને થતું કે ?
જાઉં હું તો સ્ટેશન જ્યારે જ્યારે
કો મિત્ર સાધારણને વળાવવા --

છો હોય સામાન્ય જ ઓળખીતું --
તોયે જતાં ઊપડી ટ્રેન, જાઉં
ઊંડો ઊંડો ઊતરી કો વિષાદમાં.
ખરું પૂછો તો નથી કાંઈ સ્ટેશન
વિયોગનું સ્થાનક માત્ર એકલું,
સંયોગનું એ પણ એટલું જ,
છતાંય સંસ્કાર ક્યા વિલક્ષણે
જાણે વિયોગો ખડકાયલા ત્યાં
થતા મુજ સ્પર્શ થકી સચેત શું
ને એકલો ભાળી મને સતાવતા !
એવી રીતે સેન્ટ્રલ સ્ટેશનેથી
જતો હતો કોઈકને વળાવી,
જાણે ઊંડા ખેદ મહીં ખૂંતેલા
ઉપાડતો હું પગ માંડમાંડ.

ત્યાં બીજી બાજુ ઊભી ટ્રેન કેરી
વાસેલી કો કાચની બારી સોંસરું
જોતો દીઠો બાળક એક ઊભો :
માતા તણા કાંઇક ગૌર ઓછા
જરા સૂકા કેડ-વીંટેલ હાથના
સિવાય આખેય શરીર નાગો !
કૂદી કૂદી લાળથી હાથ માતનો
ભીંજાવતો, ને ઘડી બારી સાથે
દબાવી મોં નાક ચીબું કરન્તો !
હુંયે જરા કૌતુકથી ઊભો રહ્યો
અને અમારી મળી દ્રષ્ટદ્રષ્ટ !
ઘડીક જોઈ સ્થિર મારી સામું,
પછી હસ્યો એ સ્ફુટ અટ્ટહાસ્ય --
મોં માત્રથી –ગાલથી આંખથી ના --
હાથો પગો છાતી શરીર સર્વથી !
કૂદી કૂદી ઊલળી ઊલળીને
હલાવતો માતની દેહ આખી !
હસી પડ્યો હુંય, અરે ઉભે હસ્યા

અમારું એ દંત વિહોણું હાસ્ય !
તાકી રહીને પછી મારી સામું
એવો થયો એ ખુશ હું પરે કે,
હિપ્પો સમું મોઢું ઉઘાડી પહોળું
પાડી બરાડો હું ભણી ધસ્યો એ
જાણે મને ખાઈ જવા જ આખો !
ને કાચને છેક લગાડી મોઢું
આડું ઊભું ખૂબ ઘસી ઘસીને

લીંપી દીધો લાલથી કાચ એવો,
કે સોંસરૂં નીરખતાં હું એની
દેખી શક્યો માત્ર વિરૂપ મૂર્તિ !
ને ભાઈ તો ત્યાં હસતા હતા કો
અકથ્ય સાર્થક્યની તૃપ્તિ મ્હાલતા !
ત્યાં સીટી દૈ ઊપડી ગાડી ધીમે

તૂટ્યા અમારો પણ દ્રષ્ટિતંતુ,
કિન્તુ હતું, દર્શન જેમ, એને

અદર્શને કૌતુક એક નવ્ય !

કૂદ્યો  હસ્યો એ ઊલળ્યો ફરીથી.

ગયો. કહ્યું છે કવિએ : સુધન્ય

મેલી થતી બાળથી માત જેહ;

કિન્તુ ગમે તે અતરાપીયે છે

નિહાળનારો ક્ષણ એ સુધન્ય !

-----------------------------------------------

## માંદગીને

## એક પ્રશસ્તિ

(ઘણ રે બોલે ને એરણ સાંભળે-એ રાહ)

સાચાં રે સંબંધી તમે એક છો,
બીજા ફોકટ ફંદ;
સુખ ને સુવાણ આડી વાત છે,
તમે આદિથી અંત…સાચાં

જૂઠાં રે સગાં ને જૂઠાં સાગવાં,
જૂઠાં સ્વજન સનેહી;
ઓરાં રે ઓરાં તોય અળગાં ઠર્યાં,
વ્યાપ્યાં તમે અણુ અણુ દેહી …સાચાં
જૂઠા રે વૈદો ને જૂઠા દાક્તરો,
જૂઠાં કરી ને નિયંમ;
જૂઠાં રે નવાં ને જૂનાં શાસ્તરો,
જૂઠાં પૂરવ પચ્છંમ…સાચાં
ગોળ રે માંથી તો ગળપણ ગયું,
સગપણ ગયું રે સગાંય;

હૈયાના હીરા શું હૈયે જડ્યાં

તે તો મૂકી ચાલ્યાં ક્યાંય !...સાચાં

દેવ ને દેવી સૌ ખોટાં થયાં,

જાચ્યાં ના'વે જરૂર;

વિના રે આડી ને વિના આખડી,

તમે હાજરાહજૂર...સાચાં

પતીજ તમારી પૂરેપૂરી

તોય મન એક ઉચાટ;

દેહ રે છોડીને જ્યારે સોંડશું

કરશો કયમ રે સંઘાત ?...સાચાં

-----------------------------------------

## વિવેચક મિત્રને

કહી સંતે મૈત્રી; જન સહ જતાં સપ્ત પદની-
જતાં કિન્તુ, સાથે નિજશું ફરનારાં વિરલ છે.
ફરે તોયે શૂન્ય શ્રવણ નયનો ને હૃદયથી
વસંતાં ભેગાયે
શ્ર્વસંતાં ભેગાંયે દઈ નવ શકે સાથ ઘડીનો !
સખે ત્યાં તો, તું સુન્દર જગપરિવ્રાજક સ્વયમ
તજી તારાં સ્વેચ્છા ભ્રમણ રમણો કૈં વિષયનાં,
ફર્યો મારી સાથે વિકટ મુજ કેડી જીવનની,
મૂકી એકે એકે પગલું પગલે કૌશલ થકી,
ન ભૂંસાઈ રેખા, તૃણ પણ દબાયું નવ હલ્યું !
ઢળે બીબાની કોતરણી મહીં સોનું દ્રવ થઈ;
ચઢે જેવો ઉર્વીરસ તરૂ મહીં, રૂક્ષ થડમાં,
ફરે શાખા શાખા વિટપ વિટપે, પર્ણ કુસુમે;
ફરે જેવો પ્રાણે હૃદય ઊતરીને પ્રતિમસે;
ફર્યો એવી રીતે ફક્ત ફરવાના જ કુતુકે,
ફર્યો આખે માર્ગે નિજ મન ઉલાસે, મુજ જગે.
સદાનો એ મારો સહૃદય તું નિષ્કારણ સખા !

હવે તારે પંથે ફરીથી વળ તું પાંથ યુવક !

હજો તારે પંથે અધિકાધિકાં દર્શન રૂડાં.

શકે ના આપી આ શ્રમિત ચરણો સાથ તુજને,

તને કિંતુ કોદી સહૃદય તણી ખોટ ન હજો !

------------------------------------------------------------

**કવિવર રવીન્દ્રને**

અમ આ પરતંત્ર દેશને
જગમાં સ્થાન ન માન વા હતું;
નિજ માત તણાં જ અંગજો
ગણી અસ્પૃશ્ય બન્યા હતા સ્વયમ.
કરવી ફરિયાદ ના ઘટે
લીધી હાથેથી જ માગી જે દશા !
પણ સંસ્કૃતિ પુણ્ય પૂર્વની
અમથી નિન્દિત ! હા, અસહ્ય એ.
તહીં તું ઉદિયો રવિ સમો
પ્રતિભાપન્ન સહસ્ત્ર ભર્ગથી,
તિમિરાવૃત ગૃઢ ગહ્વરો
અજવાળ્યાં વળી દીન આ મુખો.
ઘન થીજી ગયેલ જ્ઞાનને
વહતું ને રસરૂપ તેં કર્યું.
થઈ ઈન્દ્ર નભેથી ગર્જીને
વરસ્યો પશ્ચિમ પૂર્વ બેઉમાં.
ટહુક્યો ઉરભાવને ભરી

પૃથિવી ને પૃતિવીની પારના,

જન છો સહુ રક્ત જગ્તમાં

સુણવા ઉત્સુક કે તયાર ના.

કવિ તું, તું મહર્ષિ, આર્ય તું,

ગુરૂ દ્રષ્ટા વળી ભૂત ભવ્યનો;

કર્યું જીવન શુભ્ર ગાઈ તું,

કર્યું મૃત્યુય અનન્ય મંગળ.

તુજ ભૌતિક દેહના લયે

કરવો હોય ન મોહ શોક વા,

કહ્યું તેં પ્રકૃતિ જ લૈ જતી

સ્તન એકેથી વછોડીને બીજે.

પણ વત્સ ! અતીવ લાડીલા

પ્રકૃતિના, થઈ પૂર્ણ તૃત્પ તેં

જગનેય ધર્યું' તું સ્તન્ય એ

તવ ઉચ્છિષ્ટ, હવેય પાઠવે.

-----------------------------------------------------

**આતમરામને**

હજીયે ન જાગે મારો આતમરામ !
મારો આતમરામ !

સમુંદર ઘૂઘવે છે દૂર, વાયુ સૂસવે ગાંડોતૂર,
સમજું ન ભરતી કે આ તે આવે છે તુફાન !
આ તે આવે છે તુફાન !

હજીયે ન જાગે મારો આતમરામ !
મારો આતમરામ !

સઢ સંધા ફડફડે, દોર ઘિંગા કડકડે;
હાજર સૌ ટંડેલ એક આ સૂનાં છે સુકાન !
મારાં સૂનાં છે સુકાન !

હજીયે ન જાગે મારો આતમરામ !
મારો આતમરામ !

વહાણું રાખું નાંગરેલું, વેપાર શી રીતે ખેડું?
સવાયા થાશે કે જાશે મૂળગાય દામ !

હજીયે ન જાગે મારો આતમરામ !

મારો આતમરામ !

હવે તો થાય છે મોડું વીનવું હું પાયે પડું,

મારે તો થાવા બેઠો છે ફેરો આ નકામ !

હજીયે ન જાગે મારો આતમરામ !

મારો આતમરામ !

---

## મનવા

હો  નિર્ભય મસ્તાન !

મનવા ! હો  નિર્ભય મસ્તાન !

ઈસ જગમેં જન સબ હૈ યાત્રિક,

કિસકા કૌન મ્હેમાન ?  મનવા.

માર્ગ કાજ સંગત, નહિ સંગત--

કાજ માર્ગ : નિર્વાણ !  મનવા.

બજે સૂર જગ તરફ તરફકા,

મત ચૂકે નિજ તાન !  મનવા.

---

## પરથમ પ્રણામ મારા

પરથમ પરણામ મારા, માતાજીને ખેજો રે
માન્યું જેણે માટીને રતંનજી;
ભૂખ્યાં રહૈ જમાડ્યા અમને, જાગી ઊંઘાડ્યા,
એવા કાયના કીધલાં જતંનજી.

બીજા પરણામ મરા, પિતાજીને ક્હેજો રે
ઘરથી બતાવી જેણે શેરીજી;
બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યા ચૌટે
ડુંગરે દેખાડી ઊંચે દેરીજી.

ત્રીજા પરણામ મારા, ગુરુજીને ક્હેજો રે
જડ્યા કે ન જડિયા, તોયે સાચાજી;
એકનેય ક્હેજો એવા સૌનેય ક્હેજો, જે જે
અગમનિગમની બોલ્યા વાચાજી.

ચોથા પરણામ મારા, ભેરુઓને ક્હેજો રે
જેની સાથે ખેલ્યા જગમાં ખેલજી;
ખાલીમાં રંગ પૂર્યા, જંગમાં સાથ પૂર્યા;
હસાવી ધોવરાવ્યા અમારા મેલજી.

પાંચમા પરણામ મારા, વેરીડાને કહેજો રે
    પાટુએ ઉઘાડ્યાં અંતર દ્વારજી;
અજાણ્યા દેખાડ્યા અમને ઘેરા ઉલેચાવ્યા જેણે
    ઊંડા ઊંડા આતમના અંધારજી.
છઠ્ઠા પરણામ મારા, જીવનસાથીને કહેજો
    સંસાર તાપે દીધી છાંયજી,
પરણામ વધારે પડે, પરણામ ઓછાયે પડે,
    આતમના કહેજો એક સાંઈજી.

સાતમા પરણામ, ઓલ્યા મહાત્માને કહેજો રે
    ઢોરનાં કીધાં જેણે મનેખજી;
હરવા ફરવાના જેણે મારગ ઉઘાડ્યા રૂડા
    હારોહાર મારી ઊંડી મેખજી.
છેલ્લા પરણામ અમારા, જગતને કહેજો રે

    લીધા વિના આલિયું સરવસ્સજી;
આલ્યું ને આલશે, ને પાળ્યાં ને પાળશે, જ્યારે
    ફરી અહીં ઊતરશે અમારો હંસજી.

--------------------------------------------------------

## સિન્ધુનું આમંત્રણ

આનન્દસિન્ધુ આમંત્રે સ્વયં હસ્ત ઉછાળતો,
રંગબેરંગી ઝાંશોનાં મોતીઓ વરસાવતો.
નહિ માર્ગ નહિ કેડી, દ્વાર કે દરવાન ના,
જ્યાં હો ત્યાંથી અહીં આવો પાડ કે અહેસાન ના
દેખાતા સામાસામા જડજમીનતટો
તોય આ એક સિન્ધુ,
નોખા મોખા વસેલા મનુજ જગ પરે,
આપણે એક બન્ધુ.
આવો, આવો, પ્રજાઓ !
અહીં યુગ યુગનાં વૈર વામો ડૅસીલાં,
સિન્ધુ સાથે મિલાવી નિજ સૂર,
ગરવાં ગીત ગાઓ રસીલાં.
આવો ફિલ્સૂફ, આવો કવિગણ,
રસિકો ને કલાકો વિદોયે !
ઊર્મિ, પ્રૌઢા તરંગો ચલ ગિરિવર શા,
રંગીલા બુદ્-બુદો એ,
આ ઘેરા ઘોર ગર્ત્તો અતલ
ઊલટતા વારિઓઘો અગાધ.

ને વિસ્તારો વિશાળા સહુ દિશ સરખા,
માંહી ખેલો અબાધ.
સહસ્ત્ર સ્ત્રોથી ઘેલી નદી જીવનની વહે,
ઘડી શુદ્ધ ઘડી મેલી ક્ષણે ના સરખી રહે;
તેમાં આ તટથી પેલે જતાં જન મથી મથી,
અનુકૂલ વહી આવો પ્રવાહોના જ પંથથી.
અંધારાં ભેદવાને અહીંથી દિનકરે
હસ્ત પ્હેલો ઉગામે,
વિશ્વોમાં એક ચક્કે ફરી અતુલ બલે
અસ્ત એ આંહીં પામે;
જીવો નિઃસંખ્ય સૌ આ અકલ
સલિલથી આદિમાં નિર્ગમે છે,
ઊંચા નીચા ફરીને સમય નિજ થતાં
આંહીં આવી શમે છે.
આવો સૌ પુણ્યશાલી,
અમલ કરણીના પુણ્યનો આજ આરો,
નિઃસંકોચે પધારો, કલુષિત થયલા !
વારિધિ આ તમારો;

પ્રાયશ્ચિત્તો અહીંયાં પ્રજળી ન કરવાં

દામણાં દુઃખદાહે,

વામીને પાપપુણ્યોતણું મસ્ત,

રમો શુદ્ધ મુક્ત પ્રવાહે.

*

સુણાયે સાદ એ દેશ-કાલની પાર દૂરથી

લોક લોક તણા ઊંડા અંતરતમ ઉરથી.

'નિત્ય એ સાદ આવે છે એમાં સત્ય કશું નથી

જવાશે જઈશું ત્યારે' કરી કોઈ પ્રમાદથી

ગયું ના; પણ એ સિન્ધુ હજી હસ્ત ઉછાળતો

આમંત્રે રંગ બેરંગી મોતીઓ વરસાવતો.

---------------------------------------------------

## ઉસ્તાદને !

હે કેવી રીતે ફક્ત કરની અંગુલિ વડે
ઋજુ તારોમાંથી અજબ સૂર ઉસ્તાદ ! ગજવે ?
તવ સ્પર્શે સ્પર્શે—નવલશિશુમાં માત નિજની
કરે પંપાળંતાં અદ્-ભૂત ઊંડા ભાવ વિલસે,
અને આખ દેહે અણવિકસિયા સૌ અવયવે
ન માયે ચૈતન્ય પ્રસર્યું કુસુમે સૌરભ સમું !
યથા વા વૂહાલીના મધુર કરથી પ્રીતમ ઉરે
નવા કૈં સંસ્કારો અતલ ગહ્નેથી સ્ફુરી રહે-
તવ સ્પર્શે તેવા બીન તણી અકેકી રણઝણે
લસે જાગે ચેતે મુજ દિલ નવા ભાવ ઊભરે !
કહે ક્યાંથી આવે ? મુજ દિલ ન પૂર્વે કદી કળ્યા ?
અને ક્યાં જાયે એ ફરી કયંઈ ન બીજે અનુભવ્યા ?
જગાડે રામાને પ્રિયતમ કરી કૈં અડપલું
જગાડી તે રીતે તુજ બીજ ધરે કંઠ પરતું !
તને ત્યારે ભેટે હૃદયથી શું દેવી સ્વરતણી ?—
મીંચ્યાં નેત્રે ડોલે વિરલ ક્ષણ શું સ્પર્શ સુખની ?
ગ્રહીને શું તેના હૃદયગત ભાવો હૃદયથી

ઉતારે સંગીતે હૃદય-બીન-અદ્વૈતમય થૈ ?
ઉપાડી હળવેથી બીન ધરીને નિજ સ્કંધપે
ઝીણા ઝણઝણાવતો તું મૃદુ તાર ધીમે ધીમે
તહીં સ્વર ઊથે સુમન્દ,જ્યમ સુપ્ત આ વિશ્વમાં
જગત્ વિરચવા ઊઠે પ્રથમ શૂન્યમાંથી સ્વરો.
અને પ્રથમ માતને ઉદર બાળ જેવું સ્ફુરે
સ્ફુરે ત્યમ મૃદુ; નિતાન્ત જ્યમ નીતરી રાતમાં
ધીમેથી જલવીચિઓ સરતી સામસામે તટે;
ધીમેથી ત્યમ વ્યાપતા મૃદુ તરંગ ઉલ્લાસમાં
બધે દશ દિશે; નિશાન્ત જ્યમ ઘોર અંધારમાં
જરાક ઝીણી રંગહીન ઝળકન્તી પહેલાં દ્યુતિ.
પછી વિવિધ ઊજળા અધિક ઊજળા ઊઘડે
શું એક મહીંથી બીજા અજબ રંગ કૈં પૂર્વમાં !
ખરે જ તવ બીનમાંથી ત્યમ એકમાંથી બીજા
સ્વરો નીકળતા, અને નીકળી વ્યાપતા વિશ્વમાં.
મયંક જ્યમ પૂર્ણિમાની નિશ મધ્ય આકાશથી
સ્વંય નિજ પ્રકાશ રેલી, નિજ કૌમુદીસાગરે

તરે સરલ, આત્મામા સકલનાય ઉલ્લાસને;
તું રેલી ત્યમ સૂરસાગર તરે તરંગો પરે !
અને ઉદધિ કોઈ વાર જ્યમ ભૂમિને કાનમાં
કરે હળવી વાત, કોઈ વળી વાર ધ્રુજાવતો
કરી ધ્વનિ પરે ધ્વનિ ઘૂમટ ઠેઠ આકાશનો;
તુંયે ત્યમ જુદા જુદા ધ્વનિ સુણાવતો બીનથી !

ક્વચિત્ ધ્વનિ કરે પ્રચંડ ગિરિ ભેદતા વજ્રશો !
ક્વચિત્ ઝરણ પર્વતે પ્રથમ શોધતા માર્ગ શો !
ક્વચિત્ તુમુલ યુદ્ધમાં નિબિડ ઝૂઝતાં લશ્કરો
તણા રવ પરે સવાર થઈ કો મહાવીરનો
સુણાય વિજયી સુઘોષ રણભેદી શંખધ્વનિ,
સુણાય ત્યમ ઘોષ અન્ય રવ સર્વ આરોહતો !
ક્વચિત્ વળી હલેતી મુગ્ધ શરમાળ બાળા તણા
ઉરે અણૂકલ્યા સુણાય જ્યમ મર્મરો કોડના !
ક્વચિત્ જ્યમ મહાન પર્વત ઉરે જતા યાત્રિકો
ચડી શિખર ઉપરે શિખર, કૂટ કૂટો પરે,

અચાનક જઈ ચડે ઊંચી કરાડ જ્યાંથી નીચે
સપાટ ભૂંઈ દૂરની ધૂમસ ગાઢમાંથી જરા
કળાય ન કળાય; તેમ તવ સૂર એકેકથી
ઊંચા પર ઊંચા ચડી, પછી અચિન્તવ્યા થંભતા,

સુમન્દ્ર સ્વર ત્યાં સુણાય ન સુણાય એવા થતા.
સમુદ્ર ભરતી મહીં જ્યમ અનંત આવ્યા કરે
તરંગથી તરંગ, કોઈ ભળી એક થાયે ક્વચિત્,
ક્વચિત્ અધવચે ત્રુટી ઘડીક દૂર સંધાય જૈ
ક્વચિત્ વળી વિરુદ્ધ બે દિશથી આવીને આફળે;
મહાકવિ તણી અલૌકિક પુરાણા વાર્તા મહીં
ત્યજી ક્રમ ભવિષ્ય ભૂત વળી વર્તમાને મળે,
અનેક પ્રકૃતિ મિજાજ વળી શીલ ને વૃત્તિઓ
સ્વયં થઈ પ્રવૃત્ત ને ય રચતાં કલા અદ્-ભૂત,
રમે ત્યમ સ્વરો સ્વયં અજબ આકૃતિ નર્તતા !
અને જ્યમ કથા સુણી અનુભવે નવું વિશ્વ કો
છતાં ન સમજે રચાયું નિજ અંતરે બાહ્ય વા;
હું યે ન સમજું જ કે ગહન તારું સંગીત આ
ઊઠે શું મુજ અંતરે અગર વિશ્વના ગર્ભથી !

અને સિન બધો ઝડી ઉપર કો દી વર્ષો ઝડી
પ્રદોષ સમયે છવાય નભમાંહી આછાં ઘનો,
રચાય દિશ સર્વમાં વિવિધ રંગ રંગોપરે
સરે વિવિધ રંગ જેમ વળી સામસામી દિશે,
ફરે ઘડી ઘડી અનંત પ્રગટાવવા કારણે,
પરંતુ નિજ યોજના વશ અલક્ષ્ય કોઈ ક્રમે
વિલીન થતું જાય સર્વ સમ એક અંધારમાં;
તુજ સ્વર બધાય તેમ કરી વ્યક્ત આનંત્યને
ધીરી ગતોથી સંહરાય બસ કો રણત્કારમાં,
અનંત વિરહોત્થ તીવ્ર અતિ આર્ત્ત નિઃશ્વાસ શા—

અરૂપ પછી જે અનન્ત જઈ શૂન્યમાંહી શમે !
　　અનંતમાંથી ઊઠેલું કરી વ્યક્ત અનંતને
　　તારું સંગીત ઊસ્તાદ ! થયું લય અનંતમાં !
નિદ્રામાંયે પ્રિય ઉરતણા સ્પર્શથી આત્મ ભીંજે,
અંધારામાં અદીઠ સુરભિથી બધું ચિત્ત રીઝે,
એકાન્તે એ સ્મરણપ્રિયનાં મિષ્ટ આમોદ આપે,

આત્મામાં તેમ ઊંડે વિરમિ ગયું છતાં,
તારું સંગીત વ્યાપે.
વર્ષી જેવો મેઘરાજા વિરામે;
તોયે તેનાં વારિઓ ઠામઠામે,
ઊંડાં ઊંડાં નીતરી ઊતરીને ફૂટે જૈ નવાણે,
તારું સંગીત તેવું હૃદયતલ થકી ફૂટતું કેમ જાણે.
વાસંતી રસ અંતરે સળકતાં સા શુષ્ક પર્ણો ખરે,
વહાલાં અંતર ભેટતાં જગતના સૌ અંતરાયો સરે,
વાતાં શારદ વાયુ જેમ ગહ્નો આકાશનાં નીતરે,
ત્વત્સંગીતસુગન્ધથી જગતના મેલો સ્વયં ઓસરે.
ધન્ય એ બીન ઉસ્તાદ ! ધન્ય એ સ્વરસર્જનો !
ધન્ય દેશ અને કાલ ! ધન્ય એ સુણતા જનો !

-----------------------------------------------

## ના ગમે

ના ગમે, મને ના ગમે.
તંત્રી મહીં થઈ શિથિલ તાર પડી રહેવું ના ગમે.
થઈ શિથિલ ! જાણે ખૂંટી સાથે બંધના !
હા શિથિલ ! જેને અંગુલિ શું સંબંધ ના !
જે સ્વયં કંપી ના શકે
ને અન્યનો કંપેય ઝીલી ના શકે;
જેને કશી નહિ ઝંખના
જેને કશી નહિ પ્રેરણા ને નહિ મના;
સાચો નહીં જૂઠોય સ્વર કાઢે નહીં,
જે કોઈની સાથે નહીં ને કોઈથી વાઘે નહીં :
એ ના ગમે.
તંત્રી મહીં થઈ શિથિલ તાર પડી રહેવું ના ગમે.
હા, ગમે તારોમાં થઈ એકતાર ને રહેવું ગમે.
હા ગમે, ખૂંટી ખેંચી તંગ કરે ગમે,
ને અંગુલી ફરીફરી સંગ કરે ગમે.
હે, અંગુલિ ! તુજ કાઢવા સ્વર
ખેંચ ખેંચ ભલે, ગમે.
હા, મીંડ લેતાં ખેંચ એવું અંગુલિ !
જનહ્રદય કો અસ્પૃષ્ટ થાયે ગલગલી.
હા ખેંચ અંગુલિ મીંડ લે,

જ્યમ કસે નારી કેશ સુંદર મીંડલે,
જ્યમ પ્રિયતમાને ખેંચીને કોઈ વાત કર્ણે જૈ કરે,
ઉરવલ્લિમાં દીઠાં-અદીઠાં પર્ણપર્ણે ફરફરે.
હા ખેંચ અંગુલિ ખેંચ, છો બંધાયલો ખૂંટી,
તું મીંડની લહરીઓ લેતાં જાઉં હું તૂટી,
પણ તૂટતાં તૂટતાંય અદ્-ભૂત સ્વર કરી જાઉં,
ઉલ્કા મૂકીને તેજરેખા તેમ ખરી જાઉં;

છો ને પછી મારી જગાએ તાર બીજો આવતો,
એ અંગુલિપ્રેર્યો ભલે બીજા સ્વરો આલાપતો;
છો પછી મુને નાંખતા ભંગારમાં
ને અન્ય ધાતુ સાથ પીગળી જાઉં હું અંગારમાં;
ને કોઈ સર્જક અંગુલી મુજને નવો દે ઘાટ,
પ્રેરાઉં બીજી વાટ,
પણ એક વાર હું તાર તો રહી તંગ ને ગાવું ગમે.
ના તંત્રીમાં નિષ્કંપ રહેવું, ના શિથિલ થાવું ગમે.

-----------------------------------------------

## બુદ્ધનું નિર્વાણ

સાંભળ્યું છે અમે આમ :
કકુત્થા સરિતાકાંઠે, ભિક્ષુના સંઘ સાથમાં,
પાથરી આમ્રની છાયે, કંથા ચોવડી ઉપરે
સૂતેલા ભગવાન્ બુદ્ધ, તીવ્ર અસહ્ય વેદના
ઉદરે ઊઠતી શામી, ઓષ્ઠે સ્મિત ધરી વદે :
"ખૂટ્યું તેલ, ખપી વાટ, ઓલાવાનો પ્રદીપ છે :
ખપતાં સર્વ સંસ્કારો, નિર્વાણ જસ સમીપ છે."
ફરી શ્વાસ લઈ બોલ્યા :
"બિચારો ચુન્દ, આનન્દ ! પોતે પીરસેલ અન્નથ
તથાગત પડ્યા માંદા, માની ખિન્ન થતો હશે.
તેને કહેજે, બુદ્ધને જે પરિનિર્વાણ આગમચ
જમાડે તેહને પુણ્ય, અપાર પ્રાપ્ત થાય છે.
પરિનિર્વાણમાહાત્મ્ય સંબોધિજ્ઞાન જેટલું.
ચુન્દને કહીને એમ, શંકા ખેદ નિવારજે."
પછી જરા સ્વસ્થ થતાં, કકુત્થા છોડી ચાલિયા
ભિક્ષુઓ લઈને સાથે; ટેકો આનન્દનો લઈ
હિરણ્યવતી ઓળંગ્યા; કુસિનારાની સીમમાં

બે સંયુક્ત શાલવૃક્ષો નીચે પથારી પાથરી
આનંદે, ત્યાં તથાગત ઉત્તરે મુખ રાખીને
જમણે પડખે સૂતા, આનંદ ઓશીકે ઊભો.
વાયા ત્યાં વાયુ ધીમેથી, વૃક્ષોએ પુષ્પ ખેરવ્યાં.
જોઈને કોઈ ભિક્ષુને આનંદે ત્યાં કહ્યું ધીમે :
"જો વૃક્ષો બુદ્ધને પૂજે." સાંભળી મુનિ ઉચ્ચાર્યા :
"નહિ, આનંદ ! પુષ્પોથી પૂજા બુદ્ધની સંભવે,
સંભવે માત્ર ચાલ્યાથી એણે ચીંધેલ માર્ગમાં.
દેહપૂજા નથી પૂજા; પરિનિર્વાણની પછી
જોજો ! શરીરપૂજાના પ્રપંચે પડતા કદી."
એટલું વદતાં લાગ્યો શ્રમ ને નેત્ર બીડિયાં.
ઊભો આનંદ અંગૂછા વડે પવન ઢોળતો
બુદ્ધના આજ પર્યન્ત પ્રસંગોને નિહાળતો :

સરિતા ઉદ્-ગમે ત્યાંથી સાગરને મળ્યા સુધી
સરે એના જ ઉદ્દેશે પદેપદ પળેપળે,
તેમ સંબોધિનું આયુ વિશ્વપ્રેમ ભણી સર્યું.
લોકકલ્યાણને અર્થે બિધિએ ધર્મ સ્થાપિયો,
ચાર સ્થળ અને કાળ પર સ્થિર ચતુષ્પદ :

જન્મ લુંબિની ઉદ્યાને માયાદેવીની કૂખથો,
અશ્વત્થ વૃક્ષની છાંયે સમ્યક્ સંબુદ્ધ જ્યાં થયા,
ઋષિપત્તનમાં જ્યાંહી પ્રથમોપદેશ આપિયો,

ને આ કુસિનારા જ્યાં પરિનિર્વાણ પામતા.
જેમના પાદ સેવન્તાં જેમના દગનુગ્રહે
સોતાપન્ન થયો હું તે, ખરે અદ્રશ્ય થૈ જશે !
હું અર્હત્-પદને પામું, ત્યાં સુધી દેહ જો ધરે !
અરે ! પણ વિચારું શું ? સ્વાર્થ સીમા જ હું ત્યજી !
જગનો ક્રમ ઉલ્લંઘી કેમ એ દેહને ધરે ?
મારો ધર્મ અહીં માત્ર : બુદ્ધને શ્રમ ના પડે,
અને જે એમને ઇષ્ટ આજની અંતિમે પળે
અનુકૂળ થવું તેને : એમને ઇષ્ટ શું હશે ?
ત્યાં અચિંત્યો સુણ્યો દૂરે ભિક્ષુસંઘથી આવતો
'મા' 'મા' એવો દબાવેલા સ્વરોથી શબ્દ ઊઠતો,
એ દિશે જોઈ આનંદે શું છે કરવડે પૂછ્યું,
ને એક ભિક્ષુએ આવી અતિમંદ સ્વરે કહ્યું :
"વસતો કુસિનારામાં સુભદ્ર પરિવ્રાજક,

બુદ્ર નિર્વાણ પામે છે સુણી દીક્ષાર્થ આવિયો
પ્રાદુર્ભવે છ સંબિધિ અનેક યુગમાં ક્વચિત્
તો દીક્ષા એમનાથી લૈ કૃતાર્થ જન્મને કરું.”
મુખના મંડન જેવા, સ્મૃતિના દ્વારપાળ શા,
પ્રતીક શાન્તિના જેવા, સુદીર્ઘ શ્રવણોથકી
સુણ્યું કૈં ન સુણ્યું કૈં ને પામી જૈ સર્વ વાતને
સહસ્ત્ર કરુણાસ્ત્રોત વ્હેતાં ચક્ષુ ઉઘાડીને
મિતભાષી વદ્યા બુદ્ધ : “મા, આનન્દ ! નિવારતો
તથાગતતણું ઇષ્ટ આદિ ને મધ્ય અંતિમ
દોરવા સત્પથે લોક તે આ છેલ્લું કરી લઉં.”
“આમા’વ ભિક્ષુ” કહીને, દીક્ષા આપી સુભદ્રને
સોંપી આનંદને, નેત્રો મીંચતાં અંતમાં કહ્યું :
“સંસ્કારો વ્યયધર્મી છે, (ત્યાં કશી પરિદેવના !)
(અદમ્ય મારનું સૈન્ય) અપ્રમાદથી વર્તજો.”
જળ જંપ્યા સમા ત્યાંહી દીઠા ધ્યાનસ્થ બુદ્ધને.
નમસ્કાર કરી ઊભો ભિક્ષુનો સંઘ શાન્ત થૈ.

"ગચ્છામિ શરણં બુદ્ધં" 'જાઉં શરણ બુદ્ધને'

નિર્વાતે ગેરવે પુષ્પો નિશીથે પારિજાતક

તેમ અક્ષુબ્ધ સંઘેયે આંસુઓ આંખથી સ્ત્રવ્યાં.

એમ છે સાંભળ્યું અમે.

---------------------------------------------------

## તુકારામનું સ્વર્ગારોહણ

૧

"તુકારામ તુકારામ, રટતા કાં તુકા તુકા,
ઉર્વશીનૃત્યવેળાએ હતા અન્યમનસ્ક કાં ?"

"દેવી, બન્યો એક વિચિત્ર યોગ :
આયુષ્ય ષણ્માસનું શેષ ભક્તનું.
જીવન્ છતાં મુક્ત જ ભક્ત એ તો,
આયુષ્યાન્તે મુક્તિને પામવાના,
ને એમના સંચિતનાં સુખો તે
ને ભોગવાયે વિણ સ્વર્ગ ક્યાંય;
ને ભક્તને સ્વર્ગ શી રીત લાવવા ?—
જેને નિજેચ્છાથી જ અહીં અણાય."
જરા હસી ત્યાં વદતી શચી કે :
"તમે રહ્યા તદ્-વદિ તો પ્રતારણે :
દેવો અને દાનવને પ્રતાર્યા;
તો એક ભોળાં ભક્તની વાત તે શી ?"
"અરે, અરે, દેવી તમે ભૂલો છો,

પ્રતારવાનું છિદ્ર છે વાસના જ.
જેને સ્પૃહા નહિ અને નહિ વાસનાયે,
તેને કહો સ્વર્ગની શી પડી છે ?
બ્રહ્મર્ષિ મેં નારદનેય પૂછ્યું,
એયે કશો માર્ગ બતાવી ના શક્યા."
"હાં ! હાં ! એમ કરો દેવ, બ્રહ્મર્ષિને જ પાઠવો,

કહો કે સ્વર્ગના દેવો, ભક્તનાં ભજનોત્સુક.
એક વાર કહો આવી અભંગો સુણવે સ્વયમ્,
ના નહીં કહે" "ખરે દેવી ! પુરુષોને પ્રતારણા
વિદ્યા હશે, સ્ત્રીઓનો તો જન્મપ્રાપ્ત સ્વભાવ છે."
"ના, ના પ્રતારણા એના, મારે ભક્ત નિહાળવા
તણા કોડ,—અને સાથે સતીનેયે—" "ભલે ભલે,

પતિસેવારતા નિત્યે પતિભોગાશિકારિણી.
અને હવે નારદને મળું છું જૈ."

૨

આજે ભક્ત તુકારામ ઊઠી બ્રાહ્મમુહૂર્તમાં
ગુંજતા સ્વર ધીમાથી અભંગો સ્ફુરતા સ્વયમ્.

ત્યાં સતીએ કહ્યું આવી: “સ્નાનવેળા થઈ ગઈ.”
“જાગ્યાં છો ? ન સુણી આજે વલોણું ધાર્યું મેં હતું.
હજી ઊઠ્યાં નહિ હશો.” “વલોણું બંધ છે થયું.
કેમ કાંઈ હતું કહેવું ?” “આજે સ્વપ્ન વિશે મને
વીણાપાણિ ઊર્ધ્વ શિખ વિષ્ણુભક્ત મળ્યા, અને
કહ્યું દેવો નિમંત્રે છે સુણવા ભજનો મને
અને વળી ઉચ્ચર્યા કે સતીને કહી રાખજો
સાજ સંભાળવા માટે તમારી સાથ આવવા.
તો કહો—” કર લંબાવી સતીને સ્કંધ મૂકતાં
પૂછ્યું ભક્તે: “કહો સાથે તમેયે આવશો જને ?”
સતી નીચું રહી જોઈ, ઢીંચણે માથું ટેકવી.
“પડ્યાં શું કૈં વિચારે કે ?” “ના, ના, એવું કંઈ નથી
મારે તો એ જ ક્હેવું’તું, તમે જે સ્વપ્નમાં દીઠું
તે બધું મેંય દીઠું’તું, મોટે પરોડ સ્વપ્નમાં.”
“ત્યારે તો ક્હો. કહે છે કે પ્રાતઃસ્વપ્નાં ખરાં પડે.
આવશો સાથ ને ત્યારે ?” કિંતુ નિશ્વાસ દૈ કહે :

"મનેયે એ જ ચિંતા છે તમારી સાથ આવું તો
ધન્યભાગ્ય થઈ જાઉં, કિન્તુ શું તમને કહું ?
તમે ભોળા, અમો સ્ત્રીનાં ભાગ્ય ના સમજો તમે

મહષી વસુકી ગૈ છે, વિયાશે ચાર માસમાં,
મારે કૌતુક છે મોટું, પાડો કે પાડી આવશે ?
તમે ભાગ્યવિધાતા છો, ચાહો તેમ કરી શકો,
અમે સંસારગૂંથાયાં, ધાર્યું ન શકીએ કરી."
"કાલે જવાબ છે દેવો, શી ઉતાવળ છે હજી,
વિચારીને પછી ક્હેજો." કહી ભક્ત વિરામિયા.
જોડાયા નિત્યકર્મમાં.

3

"હજી કહો કાં ગમગીન દેવ :
આવી ગયા ભક્ત તુકાજી સ્વર્ગે,
ગાયા અભંગો, સાંભળી હું કૃતાર્થ.
છતાંય અસ્વસ્થ, વિમાસણે કાં ?"
"શચી, કહું શું ? ક્ષતિ એક ટાળવા
અનેક મેં દુર્ઘટના ઘટાવી :
આ કિન્નરો ના સમજ્યા અભંગનું

સંગીત સાદું ઋજુ ભવ્ય ભાવનું;
ને અપ્સરા તો સુણી વાત ભક્તની
સતી ન આવ્યાં કુતુકે મહિષીના,
રોકી શકી ના સ્મિત કે કટાક્ષો.
ને ભક્ત તો ત્રાસી ગયા છ સ્વર્ગથી—

આ સ્વર્ગ, આ સ્વર્ગ તણા વિલાસથી.
સ્મરો તમે ના ભક્તના એ અભંગો
ગાયા હતા તે દિન ખિન્ન થૈ જે.”
[પરાત્પર પરબ્રહ્મ, એક તુંથી મારે પ્રેમ,
એક પ્રેમ એ જ ધર્મ, બીજી આડી કેડી.
મર્ત્યલોકે કર્મપાશ, સ્વર્ગેમાત્ર છે વિલાસ,

બન્ને એક સમા ત્રાસ, દેવા ઉગારીએ.
રહ્યો હું મર્ત્યે આથડી, સ્વર્ગ એ છે ભુલામણી,
હાવાં દેવા લે આપણી પાસે મને.
દેવા દાસ તારો, દાસને ઉગારો,
ભવમાંથી તારો, ભાવતીત.]

“બીજું કશું તો મનમાં લઉં ના,
કિન્તુ જાણો શી દશા છે સતીની ?”

“કહો કહો, કેવી દશા સતીની ?
ઊડી મુજેચ્છા તો સતી નિર્ખવાની,
અહીં રહે ને કૈંક આરામ પામે,
ત્યાં તો શુંનું શું થયું, એ જ નાવ્યાં ?

જોવા ઇચ્છ્યું, કિન્તુ ના હામ ચાલી.
તમે કહો કેવી દશા સતીની ?”
“એ પાટ પાસે, જહીં ભક્ત બેસતા,
ત્યાં ભોંય બેસી, મૂકીને શીર્ષ પાટે,
ત્રટતા શબ્દો ગદ્-ગદ થૈ વિલાપતી :

“મારા રાજા, મારા રાજા,

ભોળા ભક્ત, હરિભક્ત,
તારા ચરણે આસક્ત,

હું એકલી સ્વયંત્યક્ત,
કિન્તુ તારી દાસી નિત્ય,
સાર કરો.”

“સાથે ર્‌હો, નીરખું હુંય, એનું દુઃખનિમિત્ત હું.
અરેરે હજી એ બેઠી, હજી એ જ વિલાપતી.
અરે ! દેવ, તમે જોયું ? હા, હા, હું સમજી હવે.
સતી સસત્ત્વ છે. માત્ર મહિષી તો હતી મિષ.”
અગાધ આ માનવભાવ કેરા

સંવેદને શક્ર અને શચીયે
ક્ષણેક તો શાન્ત થઈ રહ્યાં. પછી

ક્‌હે શક્ર : “હું તો સમજી શકું ના
કે બેમાંથી કોણ સાચું જ મોટું ?
સંસારથી ઊર્ધ્વ જતા તુકા વા
સંસારચક્ર અનુવર્તતી વા જિજાઇ.”

-----------------------------------------------

## સાલ મુબારક

"સાલ મુબારક" "અભિનંદન"
"અભિનંદન કેરો આવો
વરસગાંઠનો શુભ પ્રસંગ તમ અનેક વરસો આવો."
"એમાં અરે સાલ મુબારકો શી ?
અને વળી આ અભિનંદનો શાં ?
ફરી ફરી આવતી વર્ષગાંઠ તો
જહીં સુધી આ જીવીએ તહીં સુધી."
અને, અનૌચિત્ય સમક્ષ સૌની
છતાં, મને આ જનના જીવ્યાના
મિથ્યાત્વનો ભાવ વિષાદ આવ્યો;
વ્યાપી રહ્યું મૌન અને વિષાદનું.
અમારી ત્યાં આવી પડોશી બ્હેન
ઓચિંતી, અલ્પાભરણા, શુભ્રવસ્ત્રા,
સૌભાગ્ય જેનું હજી અલ્પ માસથી
સ્મૃતિ મહીં સીમિત થૈ રહ્યું'તું;
આવી જરા સત્વર પાય માંડી
મારી સમક્ષે ગુલગુચ્છ મૂકી,

પાસે ઊભેલી સજનીની પૂંઠે
જઈ, ખસેડી જરી શીર્ષવસ્ત્ર,
પ્રફુલ્લ પુષ્પો તણી વેણી બાંધી.
વેરી શુભેચ્છા-કુસુમો સમાં સ્મિતો,
અમો હજી જાણું ન જાણું સર્વ
ત્યાં તો સિધાવી નિજ ઘેર સત્વર.
મને થયું : આ મુજ વર્ષગાંઠ

ન શું અમારા સહજીવનનીય ગાંઠ,
બ્હેને કરી વ્યક્ત જે પુષ્પકાવ્યે ?
ન તો શું એ અભિનન્દનયોગ્ય ગાંઠ ?
ને ધન્ય ને પુણ્ય ન જીવવું એ,
જ્યાં માનવી ઢાંકી નિજ વ્યથાને
નંદે-'ભિનંદે અન્યનાં સ્નેહસૌખ્યે ?

ને હું વિચારું: સહજીવન માત્ર લગ્ને
છે શક્ય, ને અન્ય સંબંધમાં ના ?
આ પુષ્પ કાવ્ય નથી વણાઈ
ગયું અમો બેઉની જિંદગીમાં ?

ને એમ તો હું કદીયે ન જાણું
એવી રીતે કૈંક જનોની ગાંઠ
હશે વણાતી મુજ જિન્દગીમાં !
મુજ જિન્દગીમાં ?

રે રે કશું આ અભિમાન 'હું'નું !
જાણે બધો લોક, સમસ્ત વિશ્વ
ફર્યા કરે મારી જ આસપાસ !
શો દ્રષ્ટિનો એ ભ્રમ ! ધૃષ્ટતા શી !
શી અલ્પતા ! શી વિપરીત દ્રષ્ટિ !
આ તો ગૂંથાય પટ અદ્-ભુત વિશ્વ કેરો,
ચૈતન્યનો, સકલ જીવ ચરાચરોનો;
જેની સમગ્રતણી ભાત નવીન નિત્ય
જાણી શકે ન કદી માનવી, તોય રાચે,
મ્હાલે, રમે અવર શું નિજ છન્દથી; જે
કલ્યાણ માટ સહુના નિત હર્ષ માટ,
એનો હું તંતુ-બસ રોમ બની*સુધન્ય !
ને આ બધાં ચ્હાય, મને 'ભિનંદે,
આ ભાઈ ઊઠી બસમાં જગા દે,

આ બ્હેન હું ઓળખું ના તથાપિ

હસી રચે સંપુટ હાથનો, તે

મને નહીં, પણ સહુ જ્યાં ગૂંથાય તેને.

---------------------------------------------------------------

* બની=બનીને, હોઇને

---------------------------------------------------------------

## વેલી ને વૃક્ષ

સજની તમે રે વેલી ને અમે વૃક્ષ[1]
સરજનહારે સરજિયાં હોજી.
સજની સરજાઇ વલ્લી તું,
દ્રુમ હું, હસ્ત પસારી લૈં તને
કરવા ચહું ધન્ય આત્મને
સરજ્યો તોડ પરંતુ સર્જકે !

સજની તમે રે વેલી ને અમે તાડ
સરજહારે સરજિયાં હોજી !
જકડાઇ રહી જમીનમાં[2]
વિણ આશા વિણ ઉન્નતિ સદા
કુસુમો હિમબિન્દુ સાથ હું
ગરતાં ધૂલિ નિહાળું તાહરાં !

સજની તમારે રોવું ને મારે જોવું
સરજહારે માંડિયું હોજી.
મર્યાદવેલી[3] સજની ! સ્ત્રજી તને
ભૂમિ અને સાગરની સીમા પરે,
અને અહીં એકલ હું રહ્યો ઊભો

તને અને સાગરને નિહાળતો

સજની તમે રે વેલી ને અમે વૃક્ષ

સરજહારે સરજિયાં હોજી.

અનહદ સાગર કેરી સમક્ષ

ઝૂરતાં ને ઝૂલતાં ભલે રિયાં હોજી.[4]

---

1. બીજો પાઠ : સજની તમને વેલી ને અમને વૃક્ષ

2. બીજો પાઠ : જકડાઈ રહેલી ભૂમિમાં

3. બીજો પાઠ : મરજાદવેલી ...

4. બીજો પાઠ : ઝૂરતાં ને <u>ઝૂલતાં વસી રિયાં હોજી.</u>

સરજિયાં હોજી.

---

## મુશ્કેલ છે (૧)

આ વિશ્વના વિસ્તારને સમજવો—

                    લેવો પાર એ મુશ્કેલ છે.

આ વિશ્વનો વિસ્તાર !
જ્યાં નક્ષત્ર પર નક્ષત્ર કંઈ વરતાય છે,
ને જ્યાં વળી નક્ષત્ર કંઈ સંતાય છે !
જેને અનાદિ અનંત ફિલસૂફો કહે

જેને વળી વૈજ્ઞાનિકો ફૂટબોલ શું ફૂલતું કહે
જેમાં અનંત અમાપ વેગે
                વ્યોમગંગાઓ અકલ કોઈ દિશે

યુગના યુગોથી ક્ષણેક્ષણે ધસતી દીસે;
જેમાં કદીક વળી છેક ઉજ્જવલ કોઈ તારો
કૂદડી ફરે નિમ્તેજ કાળા કોઈ તારા સાથ
એ સમજવું મુશ્કેલ છે !
ને કદી અંધારમાં અંધાર ગૂંચાયો જ માત્ર કળાય !
એ ક્યાં જઈ કૂદડી ફરે, એ ક્યાં જઈ અથડાય !

ક્યાં દોડતું, ક્યાં અલગ થૈ મુખ મોડતું,
                    નિજથીય નિજને ચોરતું,
ક્યાં મ્હોરતું ક્યાં સ્ફોરતું એકશું નહીં જ કળાય !
માનવીનું ઉર સમજવું એમ અતિ મુશ્કેલ છે.

સહુ તંતુવાદ્યો માંહિ વીણા બજવવી મુશ્કેલ છે,
પણ એ થકીયે માનવી ઊરતણી

વીણા બજવવી મુશ્કેલ છે.

એમાં ક્યા છે મુખ્ય તારો, તરફના તારો ક્યા ?
એની સમજ કશી ના પડે !
નહિ નિયત કો પડદા જડે !

ક્યાં સ્પર્શવાથી સ્વર ક્યા રણઝણ થશે ?
ક્યાં મીંડ લેતાં કેટલા સ્વર ઊઠશે ?
ને કેટલેથી વિશેષ કસતાં તાર એ તૂટી જશે ?
ને તૂટતાં ત્યાં તાર બીજો બેસશે ?
એવી કશીયે ખબર ઉરવીણા વિશે કોને નહીં.
હા ! માનવીના ઉરતણી વીણા

બજવવી સર્વથી મુશ્કેલ છે.

--------------------------------------------